Gujarat State
Non-Resident Gujaratis'
Foundation

# ગુજરાત રાજ્ય બિન–નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન

ક્રમાંક:–બનગ/ગુ. કા/ઓનલાઈન/૧૩૭૯/૨૦૧૮
તા.૨૯/૦૬/૨૦૧૮

**કે.ડી.અસારી,**

**નિયામક**

**સ્નેહીશ્રી,**

ગુજરાત રાજ્ય બિન–નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા વર્ષોથી ગુજરાત બહાર, પોતાના વતનથી દુર અન્ય રાજ્યો કે વિદેશોમાં વસતા બિન–નિવાસી ગુજરાતીઓને પોતાના વતન ગુજરાત સાથે જોડી રાખવા ગુજરાતની સંસ્કૃતિ, અસ્મિતા અને પોતાની માતૃભાષા સાથે જોડી રાખવા તેઓને ગુજરાતીપણાનો અહેસાસ કરાવા તેમજ તેઓની રાજ્યના વિકાસમાં સહભાગી બનાવવા હેતુ કાર્યરત છે. જેનાથી આપ સુવિદિત છો.

આ પ્રતિષ્ઠાન દ્વારા બિન–નિવાસી ગુજરાતીઓના કલ્યાણ અર્થે વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. તથા તેઓના માટે વિવિધ યોજનાઓ પણ અમલમાં મુકવામાં આવેલ છે. જેમાંની એક યોજના **"ગુજરાતકાર્ડ"** છે. ગુજરાતકાર્ડ યોજનાથી આપ માહિતગાર હશો જ તેમ છતાં આજના અદ્યતન સમય તથા ટેકનોલોજી ને ધ્યાને લઈ તેને અદ્યતન કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

વધુમાં જણાવવાનું કે, તા.૨૧/૦૬/૨૦૧૮ના રોજ માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી(NRG),ગુજરાત રાજ્યના વરદ્હસ્તે ગુજરાતકાર્ડ યોજના ને ઓનલાઈન શરુ કરવામાં આવેલ છે.જેથી આપ સૌ ગુજરાતી મિત્રો દુનિયાના કોઈપણ ખૂણા માંથી ઘરે બેઠા ઓનલાઈન ગુજરાત કાર્ડ ની અરજી કરી **"ગુજરાતકાર્ડ"** મેળવી શકો છો. જેની વધુ વિગતો માટે પ્રતિષ્ઠાનની વેબસાઈટ **(https://nri.gujarat.gov.in/nrgcard/ApplyForNRGCard.aspx)** મુલાકાત લેવા વિનંતી છે.

(પી.ટી.ઓ)

ગુજરાત કાર્ડ ધારકોને વળતર(Discount) લાભ આપી શકે તેવી આપના ક્ષેત્રમાં જે પ્રતિષ્ઠિત/નામી સંસ્થાઓ જેવી કે Banking and Financial, Books and Periodicals, Food, Hotel & Hospitality, Gems & Jewellery, Handloom & Handicraft, Hospitals & Health Care, Legal, Real Estate, Showrooms & Other Organization, Tours and Travels, વિગેરે જેવી સંસ્થાઓની અત્રે નોંધણી થાય અને ગુજરાત કાર્ડ ધારકોને લાભો આપતી સંસ્થામાં વધારો થાય તેવા પ્રયાસ કરવા વિનંતી છે.

આપ આપના સમાજ મારફતે આપણા જ બિન–નિવાસી ગુજરાતીઓના સમુદાય માટે કાર્યરત આ યોજનાનો પુરતો લાભ લેશો તેમજ તેનો શક્ય તેટલો પચાર પ્રસાર કરશો તેવી આશા છે.જેથી કોઇપણ NRG ગુજરાત કાર્ડથી વંચિત ન રહે, આ અંગે આપના સૂચનો આવકાર્ય છે.

આભાર સહ,

આપનો સ્નેહાધીન

**(કે.ડી.અસારી)**

**પ્રતિ,**

પ્રમુખશ્રી,
તમામ ગુજરાતી સમાજ